૭૦

તા. ૨૦-૦૮-૨૦૨૩

દેશ-પરદેશની
આજકાલ

# પોરબંદરની ગોઢાણીયા કોલેજને 'ત્રીપલ એ'નો ખીતાબ મળયો

## સૌરાષ્ટ્ર યુનીવર્સીટીની ૯૬ કોલેજોમાંથી ૫મો ક્રમ પ્રાપ્ત કર્યો: પોરબંદર જિલ્લાની પહેલી કોલેજ હોવાનું ગૌરવ મળ્યું

આજકાલ પ્રતિનિધિ
પોરબંદર

સૌરાષ્ટ્ર યુનીવર્સીટીની ૯૬ ગ્રાન્ટ ઈન એઈડ કોલેજોમાંથી ડો. વી.આર.ગોઢાણીયા મહીલા કોલેજને યુનીવર્સીટીએ 'ત્રીપલ એ'ના ખીતાબ સાથે યુનીવર્સીટીમાં ૫મો ક્રમ અને પોરબંદરમાં પહેલો ક્રમ આપતા ખુશીની લહેર ફેલાઈ છે.

શૈક્ષણિક વર્ષ ૨૦૧૨-૨૦૧૩ દરમિયાન સૌરાષ્ટ્ર યુનીવર્સીટી, રાજકોટ સાથે સંલગ્ન ૯૬ જેટલી ગ્રાન્ટ ઈન એઈડ કોલેજોએ પોતાનુ એકેડેમીક એન્ડ એડમીનીસ્ટ્રેટીવ ઓડીટ ત્રીપલ એ કરાવ્યુ જેમાં ત્રીપલ એની ટીમ ડો. વી.આર. ગોઢાણીયા મહીલા કોલેજ ખાતે ઓડીટ માટે આવી હતી અને કોલેજનું શૈક્ષણિક તથા વહીવટી માળખુ ચકાસીને ઘણો આનંદ વ્યકત કર્યો હતો. બે દિવસ અગાઉ આ ઓડીટના જાહેર થયેલા પરીણામ અનુસાર ડો. વી.આર. ગોઢાણીયા મહીલા કોલેજે કુલ ૧૦૦૦માંથી ૮૯૫.૫૦ ગુણ મેળવીને સમગ્ર પોરબંદર જિલ્લામાં પ્રથમ તથા સૌરાષ્ટ્ર યુનીવર્સીટી કક્ષાએ ૫મો ક્રમ પ્રાપ્ત કર્યો છે. મહીલા કોલેજને પ્રાપ્ત થયેલી આ ઝળહળતી સીદધી બદલ ડો. વી.આર. ગોઢાણીયા તથા સમગ્ર ટ્રસ્ટગણે કોલેજમાં સતત કાર્યરત ટ્રસ્ટી ભરતભાઈ વિસાણા, પ્રિન્સીપાલ ડો. અનુપમ નાગર, વાઈસ પ્રિન્સીપાલ હરીભાઈ કગથરા તથા ત્રીપલ એ ના કોલેજ કો-ઓર્ડીનેટર કગથરા, પ્રાધ્યાપકગણ, વહીવટી કર્મચારીઓ, વિદ્યાર્થીનીઓ તથા વાલીઓને ખુબ ખુબ અભિનંદન પાઠવ્યા છે.